# નિવેદન

આ તમામ સુ-વચનો - aphorisms - સમ્પૂર્ણપણે મૌલિક છે. એમાં ‘હું’-ને જે કંઈ સલાહ શિખામણ આદેશ કે ઉપદેશ છે એ મારી જાતને સમ્બોધીને છે. તેમછતાં, એ ‘હું’ અનેક વાચકોને પોતાનો લાગ્યો છે, એ સુ-વચનો પણ પોતા માટેનાં લાગ્યાં છે, તેઓ એથી પ્રસન્ન થયા છે. એને હું સર્જનનો જાદુ ગણું છું.

દરેક સુ-વચન facebookના add to story માટે લખાયેલું. ૨૦-૨૨ શબ્દની જગ્યામાં કશા સમાધાન વિના એને સમ્પન્ન કરવું એ એક કસોટી હતી, પણ પાર ઊતર્યાનો હમેશાં મને આનન્દ આવેલો.

સુ-વચનોનો આ સમ્પુટ મારા અહર્નિશ વિદ્યાવ્યાસંગનું ફળ છે. એમાં સરળ તત્ત્વજ્ઞાન છે, સહજ કાવ્યત્વ છે, કિંચિત્ વાર્તાતત્ત્વ પણ છે. મારાં ૯૫ પુસ્તકોમાં આ સુ-વચનો ઉમેરણ છે, પણ તત્ત્વતઃ એ બધાં મારી સૃષ્ટિનાં મૂળ રસાયન છે.

મારા ફેસબુક-મિત્રો દરેક સુ-વચનના પહેલા વાચકો હતા, ક્યારેક તો ૧૦૦થી પણ વધુ! એ સૌનો આભાર માનું છું.

ઝેન ઓપસે પ્રકાશન હાથ ધર્યું એનો વિશિષ્ટ આનન્દ છે.

વાક્ બારસઃ ૧૭ ઑક્ટોબર ૨૦૨૫ — **સુમન શાહ**
અમદાવાદ

જીવવા માટે અન્ન જળ અને હવા પછી
જરૂર પડે છે પ્રેમસમ્બન્ધની.
એ હુકમથી ચાલે કે સમજાવટથી, ચાલવા દેજે.
તર્ક લડાવીને ઝકાઝક ન કરીશ.
હારી જવાય તો હારી જજે.

વૃક્ષની ઊંચી ડાળે ચૂપ પંખી
પોતા માટે વિચારતું હશે :
હું કોણ છું અને શા માટે છું :
તને કદી એવો વિચાર આવે છે ખરો,
કે બસ ખાઈ-પીને જીવ્યે જાય છે?

કાગડો તને શીખવી શકે -
તારી મર્યાદાઓને છુપાવ નહીં.

મોર તને શીખવી શકે -
તારા ગુણોને બોલવા દે.

સાનમાં સમજી જા.
ખાસ મોડું નથી થયું.

ફળ પાકે એમ વિચારને પાકવા દે.
ભાવ અને અર્થને
છાયા/પ્રકાશમાં રમવા દે.
નહીં લખાયેલો શબ્દ
તને શોધતો આવશે.
ધૈર્ય ધર.

સત્ય ઝળહળતી પ્રકાશજ્યોત છે.
એને માથે નીલ ગગનની છતરી છે.
એના હાથ દસેય દિશામાં પ્રસરેલા છે.
એમાંથી તું લઈ શકે તે લેજે.
કિંચિત્ એમાં ઉમેરી શકીશ, તો ભયો ભયો!

સ્થળ સમય અને પવનની દિશા
સાનુકૂળ નહીં હોય તો તારો ગમે એટલો સારો
અને મહા મોંઘો પતંગ કે વિચાર નહીં ચગે.
ચૂપ બેસી રહેજે,
આકાશ જોજે,
સારું લાગશે.

દરેક અન્તનું ભવિષ્ય પ્રારમ્ભ છે અને
દરેક પ્રારમ્ભનું ભવિષ્ય અન્ત છે.
અન્તમાં પ્રારમ્ભ અને
પ્રારમ્ભમાં અન્ત જોતાં શીખ.

બે ફૂલમાંથી એક ખરી પડે,
બે પક્ષીમાંથી એક છોડીને જતું રહે,

એમ બે મનુષ્યોમાં પણ બને.

પણ્ડિતો એને નિયતિ કહેશે,
પણ તું માનીશ નહીં.

કેમકે બેમાંથી એક શું
તેની એ લોકોને ખબર નથી.

સ્ત્રી - પુત્રી પ્રિયા પત્ની માતા માતામહી.
પુરુષ - પુત્ર પ્રિય પતિ પિતા પિતામહ.
મનુષ્યવ્યક્તિના વિવિધ અવતારો છે,
એનો આદર કર.
સ્ત્રીઓ આવી, પુરુષો આવા,
એમ બક્યા ન કર.

ત્રણ બળ છેઃ
બાહુબળ મનોબળ અને આત્મબળ.

બીજા જોડે લડવા તારે સમજવું પડશે કે
તારી પાસે કયું બળ છે.

ન સમજાય તો લડવાનું માંડી વાળજે
અને ચૂપ બેસી રહેજે.

વિચારના ચકરાવે ચાહીને ચડનારો
બાળરમતની મજા લૂંટતો હોય છે કે
ફેરફુદરડી ફરતાં ફરતાં પડી જવાની
કેવી મજા ભઈ કેવી મજા.
તું ચડ્યોય નથી કે પડ્યોય નથી, શું જાણે?

પ્રેમસમ્બન્ધમાં યુક્તિઓ ન ચાલે.
યુક્તિબાજોથી દૂર રહેજે,
જોડાયેલો હોઉં તો છૂટો થઈ જા,
નહિતર સંગદોષ લાગશે,
તું ય બની જઈશ ન સમજાય એવી યુક્તિ.

પ્રેમ કોમળ છે તેમ ક્રૂર છે.
હૃદયના રસેભરી પ્યાલી જોશમાં ઠુકરાવશે,

એક જ જીવલેણ મૂવ ને ચેકમેટ!

શું કરીશ? ફરીથી રમીશ?
એણે કહ્યું, હા.

કોઈપણ ફોટોગ્રાફ –
બ્લૅક ઍન્ડ વ્હાઇટ કે કલરિન્ગ,

બે વસ્તુ કરે છે :
સાચું બતાવે છે અને છેતરે પણ છે.
તું ફોટાને નહીં એ જેનો છે એને ગમાડ.

ચાલો આપણે
માછલી મગર કીડી કે હાથી
કે કાબર કે પોપટ કે ઘુવડ વિશે
કવિતા જેવી વાર્તાઓ લખીએ.
મારે તને કહેવું તો એ છે કે
બંધ કર માણસો વિશે લખવાનું,
બહુ થયો છે બકવાસ!

જીવનના વ્યાકરણમાં આજ્ઞાર્થક નહીં પણ
પ્રશ્નાર્થક વાક્યો ઘણીવાર સાર્થક નીવડે છેઃ

આજે તમે આટલું કરી દો /
આજે તમે આટલું કરી દેશો?

હવે તું એને ભૂલી જા /
હવે તું એને ભૂલી જઈશ? વગેરે.

READING IS MY PASSION.
WRITING IS MY PASSION.
LOVING IS MY PASSION.
WHAT ELSE?

અન્ધ જનને જોઈ
તારી આંખ ભીની થાય,
તું એને ઘડીક સાથ આપે, બસ થશે.

તું સાહિત્યકાર સિતારવાદક ચિત્રકાર
શિલ્પી કે સ્થપતિ
હોઈશ કે નહીં,
ચાલશે.

સ્વગત